ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૧૪-૦૭-૨૦૨૫**

- **ગુજરાતના ટેટ-ટાટ પાસ, એલ.આર.ડી., જીપીએસસી સહિતના યુવાન યુવતીઓ હક્ક અધિકાર, ન્યાય માંગવા જાય તો સચિવાલયના દરવાજા બંધ, પોલીસ કરે છે અમાનવીય વ્યવહાર.**
- **ભાજપના ધારાસભ્યના મોટી સંખ્યામાં ગાડીઓ સાથેની નૌટંકી સામે તંત્ર નતમસ્તકે.**
- **ભાજપના ધારાસભ્યને નૌટંકી માટે રેડ કાર્પેટ બીજી બાજુ ગુજરાતના યુવાન યુવતીઓને પોલીસ ફટકારે છે દંડ અને દંડા.**
- **ગુજરાતમાં બે કાયદાનું પાલન : એક સામાન્ય જનતા માટે અને બીજો કાયદો જેમાં ભાજપાના ખેસ પહેરો અને નિયમો નેવે મુકો.**

ગુજરાતના ખેડૂતો, બેરોજગાર યુવાનો કે જેઓ પોતાના ન્યાય અધિકાર માટે ગુજરાતમાં સચિવાલયમાં પ્રવેશ માટે નીતિ નિયમો, જાહેરનામાં, પોલીસના દંડ-દંડા બીજીબાજુ ભાજપના ધારાસભ્યના ગાડીઓ સાથેના કાફલા માટે રેડકાર્પેટ એ વધુ એકવાર ગુજરાતમાં બે કાયદાનું શાસન હોવાનું ફલીત કરે છે જે અંગે મુખ્યમંત્રીશ્રીનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપના ધારાસભ્ય દ્વારા નૌટંકી માટે ગાડીઓના કાફલા સાથે જે રીતે સચિવાલયમાં રેડ કાર્પેટ પ્રવેશ મળે અને તંત્ર કુર્નિશ બજાવી આ છે ગુજરાતમાં કાયદાનું વિશેષ શાસન જેમા ભાજપના નેતાઓ માટે ખુલ્લા દરવાજા. બીજી બાજુ, ગુજરાતના હજારો યુવાનો ખાસ કરીને ટેટ-ટાટ પાસ, એલ.આર.ડી., જીપીએસસી, વિદ્યા સહાયક ભરતી માટે ચિત્ર સંગીત શારીરિક શિક્ષણ ના શિક્ષકોની ભરતી  સહિતના યુવાન યુવતીઓ હક્ક અધિકાર, ન્યાય માંગવા જાય તો સચિવાલયના દરવાજા બંધ , પોલીસ કરે છે અમાનવીય વ્યવહાર. ગાંધીનગર સચિવાલય તરફ ફરવાની પણ મંજૂરી નહીં પણ ગાંધીનગર પ્રદર્શન કરે તો પણ દંડા સાથે તૂટી પડે આ છે ભાજપની સરકારમાં જનતા માટે કાયદા ની પરિભાષા.

ગાંધીનગર મોટી સંખ્યામાં ગાડીના કાફલા સાથે મોરબીના ભાજપના ધારાસભ્ય 200 કિલોમીટર અંતર કાપીને વટ – અહંકાર માટે જઈ શકે પણ મોરબીની જનતાને પડી રહેલ પારાવાર મુશ્કેલી અંગે કલેક્ટર કચેરી અને નગરપાલિકા કચેરી જઈને સૂચના આપી શકતા નથી ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા આજરોજ મોરબીની જનતાની પારાવાર મુશ્કેલીઓને ધ્યાનમાં લઇ ધરણા પ્રદર્શન યોજાયા હતા અને  આક્રમતા થી જનતાના ન્યાય માટે લડાઈ ચલાવવામાં આવી રહી છે.  સુરેન્દ્રનગરમાં પણ ખેડૂતોને નુકસાનીના વળતરમાં થયેલ અન્યાય બાબતે તાકીદે ન્યાય માટે મોટી સંખ્યામાં ખેડૂતોને સાથે રાખી ધરણા - પ્રદર્શન યોજાયા હતો

**( ડૉ. મનિષ એમ. દોશી )**
**મીડિયા કન્વીનર અને પ્રવક્તા**
**Mob : 9426001599**